C.C.No.1579/2025
Addl. CJM Court, Prantij

GJSK030019132025

દાખલ તારીખ : ૨૮–૮–૨૦૨૫
રજીસ્ટર તારીખ : ૨૮–૮–૨૦૨૫
ફેંસલ તારીખ : ૩૦–૩–૨૦૨૬
અવધિ : ૦–વર્ષ ૭–માસ ૨–દિવસ

**મે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.પ્રાંતિજ**

ફોજદારી કેસ નં.૧૫૭૯/૨૦૨૫

આંક :

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :** લચ્છારામ સ/ઓ ખુબીરામ હરેત ગુર્જર
રહે.નવલાપુરા ડાંડા,તા.માસલપુર,જી.કરોલી, રાજસ્થાન.

**ગુન્હો :** ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૬(૧),૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪ બી મુજબ...

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી આર.કે.બ્રહમભટ્ટ

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ તા.૧૬/૦૭/૨૫ ના કલાક–૦૬–૦૦ વાગ્યા પેહલાં કોઈપણ સમયે મોજે અમદાવાદથી હિંમતનગર જતા નેશનલ હાઈવે રોડ નં.૪૮ પ્રાંતિજ ચંચળબા નગર બ્રીજ ઉતરતા વળાંકમાં પોતાની કબજાની ટ્રક ગાડી નંબર જી.જે. ૦૯. એ. ડબલ્યુ.૮૧૮૨ ની પુરઝડપે બેદરકારી તેમજ ગફલતભરી રીતે ચલાવી આગળ ચાલતાં મરણ જનાર સાહેદ સાહેદ રમેશભાઈ રામાભાઈ દંતાણીના

ટી.વી.એસ જયુપીટર નં.જી.જે. ૧૮ એફ.ડી.૭૯૬૪ ને પાછળથી ટકકર મારી શરીરે ગંભીર પ્રકારની ઈજા કરી મોત નીપજાવી પો.સ્ટે જાણ નહી કરી ગુન્હો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧),૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪ બી મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

**(૨)** આરોપી સમન્સ આધારે કોર્ટમાં હાજર થતાં સૌપ્રથમ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક–૬ થી આરોપીનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**<u>:: મૌખિક પુરાવો ::</u>**

(૧) આંક–૦૮ ફરીયાદી રાહુલ રમેશભાઈ વાઘરીની જુબાની

(૨) આંક–૧૩ સાહેદ વિશાલભાઈ રમેશભાઈ વાઘરીની જુબાની

(૩) આંક–૧૪ સાહેદ તેજલબેન રમેશભાઈ વાઘરીની જુબાની

(૪) આંક–૧૫ સાહેદ હંસાબેન ગોપાલભાઈ દેવીપુજકની જુબાની

(૫) આંક–૧૬ સાહેદ સુનીતાબેન નાનજીભાઈ સુનારાની જુબાની

**<u>:: દસ્તાવેજી પુરાવો ::</u>**

(૧) આંક–૦૯ ફરીયાદ

(૨) આંક–૧૯ ઈન્કવેસ્ટ પંચનામું

(૩) આંક–૨૦ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું

(૪) આંક–૨૧,૨૨ મુદ્દામાલ વાહનોનું પંચનામું

(૫) આંક–૨૩ પી.એમ.રીપોર્ટ

(૬) આંક–૨૪,૨૫ એકસીડન્ટ રીપોર્ટ

(૭) આંક–૨૬ વાહનની યાંત્રિક તપાસણી કરવા બાબતની યાદી

(૮) આંક–૨૭,૨૮ સ્થળ પરીક્ષણ અહેવાલ

(૯) આંક–૨૯ એફ.એસ.એલ.સર્ટી કેસ કાગળોમાં સામેલ રાખવા બાબતની યાદી

**(૪)** ત્યાર બાદ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન. એસ. એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યાર બાદ બંને પક્ષે દલીલો સાંભળી.

**(૫)** કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી એ તા.૧૬/૦૭/૨૫ ના કલાક–૦૬–૦૦ વાગ્યા પેહલાં કોઈપણ સમયે મોજે અમદાવાદથી હિંમતનગર જતા નેશનલ હાઈવે રોડ નં.૪૮ પ્રાંતિજ ચંચળબા નગર બ્રીજ ઉતરતા વળાંકમાં પોતાની કબજાની ટ્રક ગાડી નંબર જી.જે. ૦૯. એ. ડબલ્યુ.૮૧૮૨ ની પુરઝડપે બેદરકારી તેમજ ગફલતભરી રીતે ચલાવી આગળ ચાલતાં મરણ જનાર સાહેદ સાહેદ રમેશભાઈ રામાભાઈ દંતાણીના ટી.વી. એસ જયુ પીટર નં.જી.જે. ૧૮ એફ.ડી.૭૯૬૪ ને પાછળથી ટકકર મારી શરીરે ગંભીર પ્રકારની ઈજા કરી મોત નીપજાવી પો.સ્ટે જાણ નહી કરી ગુન્હો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧

), ૨૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧ ૩૪ બી મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

(૮) **મુદ્દા નંબર–૧ :–**

(૯) આ કામે આંક–૮ થી ફરીયાદી રાહુલભાઈ રમેશભાઈ વાઘરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ હુ મારી સાસરી નિરમાલી ગામે હતો તે દરમ્યાન સવારે છ વાગે મારો ફોન ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, હુ ૧૦૮ એમ્બ્યુલન્સ પ્રાંતિજ ખાતેથી બોલુ છુ તેમ કહી મને જણાવેલ કે જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ નંબરની ટી.વી.એસ. જયુપીટર ગાડી કોની છે? જેથી મે જણાવેલ કે મારી છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે આ ગાડીના ચાલક અમદાવાદથી હિંમતનગર જતા રોડ ઉપર પ્રાંતિજ નજીક બ્રિજ ઉતરતા વળાંકમાં અકસ્માત થતા બેભાન અવસ્થામાં પડેલ છે તો મે જણાવેલ કે તે મારા પિતાજી થાય છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે અમો પ્રાંતિજ સીવીલમાં સારવાર અર્થે લઇ જઇએ છીએ તમો ત્યાં આવો તેવુ જણાવતા હુ તથા મારો નાનો ભાઇ વિશાલ તથા માતા તેજલબેન તથા ગોપાલભાઇ, હંસાબેન તથા બીજા સગા સંબંધીઓ પ્રાંતિજ સીવીલમાં આવેલા જયાં મારા પિતાજીને જોતા શરીરે ઇજાઓ થયેલી અને તેઓ મરણ ગયેલા અને અમોને જાણવા મળેલ કે, કોઇ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે, બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવી લાવી હિંમતનગર

ને.હા.નં.૮ ચંચળબાનગર બ્રિજ ઉતરતા વળાંકમાં મારા પિતાજીની જ્યુપીટર નં.જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ ને પાછળથી ટકકર મારતા અકસ્માત કરી નાસી ગયેલ ત્યાર બાદ મારા પિતાજીની અંતિમવીધી કરી તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ આ બનાવની ફરીયાદ મે આપેલી આજરોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં મારી સહી જે હુ ઓળખુ છુ જે ફરીયાદને રજુ દાખલ આંક-૦૯ આપવામાં આવે છે. આરોપીને હુ જોયેથી ઓળખતો નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ નજરે નજર જોયેલ ન હોઇ બનાવ કેવી રીતે, કયા સંજોગોમાં, કોની બેદરકારીથી બનેલ તે ચોકકસ રીતે કહી શકુ નહી. મે અકસ્માત વળતર મેળવવા કલેઇમ કરેલ છે.

**(૧૦)** આ કામે આંક–૧૩ થી સાહેદ વિશાલભાઈ રમેશભાઈ વાઘરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ હુ તથા મારી માતા તેજલબેન તથા મારી પત્નિ પલક અમો લોકો ઘરે હતા અને મારો ભાઇ રાહુલ તેની સાસરી નિરમાલી ગામે ગયેલ હતો અને તેઓને સવારે છ વાગે ફોન આવેલો અને જણાવેલ કે, મારા પર એક અજાણ્યા મોબાઇલથી ફોન આવેલો અને જણાવેલ કે, હુ ૧૦૮ એમ્બ્યુલન્સ પ્રાંતિજ ખાતેથી બોલુ છુ તેમ કહી મને જણાવેલ કે જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ નંબરની ટી.વી.એસ. જયુપીટર ગાડી કોની છે? જેથી મે જણાવેલ કે મારી છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે આ ગાડીના ચાલક અમદાવાદથી હિંમતનગર જતા રોડ ઉપર પ્રાંતિજ નજીક બ્રિજ ઉતરતા વળાંકમાં અકસ્માત થતા બેભાન અવસ્થામાં પડેલ છે તો મે જણાવેલ કે તે મારા પિતાજી થાય છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે અમો પ્રાંતિજ સીવીલમાં સારવાર અર્થે લઇ જઇએ છીએ તમો ત્યાં આવો તેવુ જણાવતા હુ તથા મારો ભાઇ રાહુલ તથા માતા તેજલબેન તથા ગોપાલભાઇ, હંસાબેન તથા બીજા સગા સંબંધીઓ પ્રાંતિજ સીવીલમાં આવેલા જયાં મારા પિતાજીને જોતા શરીરે ઇજાઓ થયેલી

અને તેઓ મરણ ગયેલા અને અમોને જાણવા મળેલ કે, કોઇ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે, બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવી લાવી હિંમતનગર ને.હા.નં.૮ ચંચળબાનગર બ્રિજ ઉતરતા વળાંકમાં મારા પિતાજીની જયુપીટર નં.જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ ને પાછળથી ટકકર મારતા અકસ્માત કરી નાસી ગયેલ ત્યારબાદ મારા પિતાજીની અંતિમવીધી કરી ત્યારબાદ મારા ભાઇએ આ બનાવની ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલુ તેમજ પોલીસે મારૂ તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ વિશેષ નિવેદન લીધેલુ અકસ્માત કરનાર વાહન ચાલક તપાસ દરમ્યાન મળી આવેલ જે ચાલક લચ્છારામ ખુબીરામ હરેત ગુર્જર હોવાનુ અને ટ્રક નં.GJ 9 AW 8182 નો હોવાનુ જણાવેલુ. આરોપીને હુ જોયેથી ઓળખતો નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ નજરે નજર જોયેલ ન હોઇ બનાવ કેવી રીતે, કયા સંજોગોમાં, કોની બેદરકારીથી બનેલ તે ચોકકસ રીતે કહી શકુ નહી. મે અકસ્માત વળતર મેળવવા કલેઇમ કરેલ છે.

**(૧૧)** આ કામે આંક–૧૪ થી સાહેદ તેજલબેન રમેશભાઈ વાઘરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ હુ તથા મારો દિકરો વિશાલ તેની પત્નિ પલક અમો લોકો ઘરે હતા અને મારો દિકરો રાહુલ તેની સાસરી નિરમાલી ગામે ગયેલ હતો અને તેઓને સવારે ૭ વાગે ફોન આવેલો અને જણાવેલ કે, મારા પર એક અજાણ્યા મોબાઇલથી ફોન આવેલો અને જણાવેલ કે, હુ ૧૦૮ એમ્બ્યુલન્સ પ્રાંતિજ ખાતેથી બોલુ છુ તેમ કહી મને જણાવેલ કે જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ નંબરની ટી.વી.એસ. જયુપીટર ગાડી કોની છે? જેથી મે જણાવેલ કે મારી છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે આ ગાડીના ચાલક અમદાવાદથી હિંમતનગર જતા રોડ ઉપર પ્રાંતિજ નજીક બ્રિજ ઉતરતા વળાંકમાં અકસ્માત થતા બેભાન અવસ્થામાં પડેલ છે તો મે જણાવેલ કે તે મારા પિતાજી થાય છે ત્યારબાદ તેઓએ જણાવેલ

કે અમો પ્રાંતિજ સીવીલમાં સારવાર અર્થે લઇ જઇએ છીએ તમો ત્યાં આવો તેવુ જણાવતા હુ તથા મારા દિકરા વિશાલ તેમજ રાહુલ તથા ગોપાલભાઇ, હંસાબેન તથા બીજા સગા સંબંધીઓ પ્રાંતિજ સીવીલમાં આવેલા જયાં મારા પતિને જોતા શરીરે ઇજાઓ થયેલી અને તેઓ મરણ ગયેલા અને અમોને જાણવા મળેલ કે, કોઇ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે, બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવી લાવી હિંમતનગર ને.હા.નં.૮ ચંચળબાનગર બ્રિજ ઉતરતા વળાંકમાં મારા પતિની જયુપીટર નં.જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ ને પાછળથી ટકકર મારતા અકસ્માત કરી નાસી ગયેલ ત્યારબાદ મારા પતિની અંતિમવીધી કરી ત્યારબાદ મારા દિકરાએ આ બનાવની ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલુ તેમજ પોલીસે મારૂ તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ વિશેષ નિવેદન લીધેલુ અકસ્માત કરનાર વાહન ચાલક તપાસ દરમ્યાન મળી આવેલ જે ચાલક લચ્છારામ ખુબીરામ હરેત ગુર્જર હોવાનુ અને ટ્રક નં.GJ 9 AW 8182 નો હોવાનુ જણાવેલુ. આરોપીને હુ જોયેથી ઓળખતી નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ નજરે નજર જોયેલ ન હોઇ બનાવ કેવી રીતે, કયા સંજોગોમાં, કોની બેદરકારીથી બનેલ તે ચોકકસ રીતે કહી શકુ નહી. મે અકસ્માત વળતર મેળવવા કલેઇમ કરેલ છે.

**(૧૨)** આ કામે આંક–૧૫ થી હંસાબેન ગોપાલભાઈ દેવીપુજકને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ હુ તથા મારા પતિ ગોપાલભાઇ ઘરે હાજર હતા અને મારા ભત્રીજા રમેશના દિકરા રાહુલનો ફોન આવેલો અને જણાવેલ કે, મારા પર એક અજાણ્યા મોબાઇલથી ફોન આવેલો અને જણાવેલ કે, હુ ૧૦૮ એમ્બ્યુલન્સ પ્રાંતિજ ખાતેથી બોલુ છુ તેમ કહી મને જણાવેલ કે જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ નંબરની ટી.વી.એસ. જયુપીટર ગાડી કોની છે? જેથી મે જણાવેલ કે મારી છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે આ ગાડીના ચાલક અમદાવાદથી હિંમતનગર

જતા રોડ  ઉપર પ્રાંતિજ નજીક બ્રિજ ઉતરતા વળાંકમાં અકસ્માત થતા બેભાન અવસ્થામાં પડેલ છે તો મે જણાવેલ કે તે મારા પિતાજી થાય છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે અમો પ્રાંતિજ સીવીલમાં સારવાર અર્થે લઇ જઇએ છીએ તમો ત્યાં આવો તેવુ જણાવતા હુ તથા વિશાલ તેમજ રાહુલ તથા મારા પતિ ગોપાલભાઇ તથા બીજા સગા સંબંધીઓ પ્રાંતિજ સીવીલમાં આવેલા જયાં મારા ભત્રીજાને જોતા શરીરે ઈજાઓ થયેલી અને તેઓ મરણ ગયેલા અને અમોને જાણવા મળેલ કે, કોઇ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે, બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવી લાવી હિંમતનગર ને.હા.નં.૮ ચંચળબાનગર બ્રિજ ઉતરતા વળાંકમાં મારા ભત્રીજાની જયુપીટર નં.જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ ને પાછળથી ટકકર મારતા અકસ્માત કરી નાસી ગયેલ ત્યારબાદ મારા ભત્રીજાની અંતિમવીધી કરી ત્યારબાદ રાહુલે આ બનાવની ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલુ  તેમજ પોલીસે મારૂ તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ વિશેષ નિવેદન લીધેલુ અકસ્માત કરનાર વાહન ચાલક તપાસ દરમ્યાન મળી આવેલ જે ચાલક લચ્છારામ ખુબીરામ હરેત ગુર્જર હોવાનુ અને ટ્રક નં.GJ 9 AW 8182 નો હોવાનુ જણાવેલુ. આરોપીને હુ જોયેથી ઓળખતી નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ નજરે નજર જોયેલ ન હોઇ બનાવ કેવી રીતે, કયા સંજોગોમાં, કોની બેદરકારીથી બનેલ તે ચોકકસ રીતે કહી શકુ નહી. મે અકસ્માત વળતર મેળવવા કલેઇમ કરેલ છે.

(૧૩) આ કામે આંક–૧૬ થી સાહેદ સુનીતાબેન નાનજીભાઈ સુનારાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ હુ તથા મારા પતિ નાનજીભાઇ ઘરે હાજર હતા અને મારા પતિ ઉપર રાહુલનો ફોન આવેલો અને જણાવેલ કે, મારા પર એક અજાણ્યા મોબાઇલથી ફોન આવેલો અને જણાવેલ કે, હુ ૧૦૮ એમ્બ્યુલન્સ  પ્રાંતિજ ખાતેથી બોલુ છુ તેમ કહી મને જણાવેલ કે જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ નંબરની

ટી.વી.એસ. જયુપીટર ગાડી કોની છે? જેથી મે જણાવેલ કે મારી છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે આ ગાડીના ચાલક અમદાવાદથી હિંમતનગર જતા રોડ ઉપર પ્રાંતિજ નજીક બ્રિજ ઉતરતા વળાંકમાં અકસ્માત થતા બેભાન અવસ્થામાં પડેલ છે તો મે જણાવેલ કે તે મારા પિતાજી થાય છે ત્યારબાદ તેઓએ જણાવેલ કે અમો પ્રાંતિજ સીવીલમાં સારવાર અર્થે લઇ જઇએ છીએ તમો ત્યાં આવો તેવુ જણાવતા હુ તથા વિશાલ તેમજ રાહુલ તથા ગોપાલભાઇ તથા બીજા સગા સંબંધીઓ પ્રાંતિજ સીવીલમાં આવેલા જયાં મારા ભાઇને જોતા શરીરે ઈજાઓ થયેલી અને તેઓ મરણ ગયેલા અને અમોને જાણવા મળેલ કે, કોઇ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે, બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવી લાવી હિંમતનગર ને.હા.નં.૮ ચંચળબાનગર બ્રિજ ઉતરતા વળાંકમાં મારા ભાઇની જયુપીટર નં.જી.જે.૧૮ એફ.ડી.૭૯૬૪ ને પાછળથી ટકકર મારતા અકસ્માત કરી નાસી ગયેલ ત્યારબાદ મારા ભાઇની અંતિમવીધી કરી ત્યારબાદ રાહુલે આ બનાવની ફરીયાદ આપેલી અને પોલીસે મારૂ નિવેદન લીધેલુ તેમજ પોલીસે મારૂ તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ વિશેષ નિવેદન લીધેલુ અકસ્માત કરનાર વાહન ચાલક તપાસ દરમ્યાન મળી આવેલ જે ચાલક લચ્છારામ ખુબીરામ હરેત ગુર્જર હોવાનુ અને ટ્રક નં.GJ 9 AW 8182 નો હોવાનુ જણાવેલુ. આરોપીને હુ જોયેથી ઓળખતી નથી.

આ સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ નજરે નજર જોયેલ ન હોઇ બનાવ કેવી રીતે, કયા સંજોગોમાં, કોની બેદરકારીથી બનેલ તે ચોકકસ રીતે કહી શકુ નહી. મે અકસ્માત વળતર મેળવવા કલેઇમ કરેલ છે.

**(૧૪)** આમ, ફરીયાદપક્ષ તરફે અકસ્માતના કેસોમાં મુખ્યત્વે નીચે જણાવેલ હકીકતો સાબિત કરવાની હોય છે.

(૧) અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહનનો ચાલક આરોપી હતો.

(૨) અકસ્માત સમયે આરોપીએ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને

બેદરકારી પૂર્વક હંકારેલ હોવાના કારણે અકસ્માત થયેલ.

ઉપરોકત તમામ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં આરોપી ઉપરોકત વાહન ગફલત ભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ આ તમામ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લેવામાં આવે તો પણ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો ધ્વારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

**(૧૫)** ત્યાર બાદ આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૦૬ (૧) મુજબનો ગુનો આક્ષેપવામાં આવેલ છે. ત્યારે સદર કલમ ધ્યાને લેવામાં આવે તો :– **કલમ :–૧૦૬(૧) :** કોઈપણ (વ્યકિત) સાપરાધ મનુષ્ય વધ ન ગણાય તેવું બેફામપણે કરેલું અથવા બેદકારી ભર્યુ કૃત્ય કરીને કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**(૧૬)** આ કામે મહત્વના સાહેદ કહી શકાય તેવા ફરીયાદી તથા સાહેદો એ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કહેવાતો બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ કેવી રીતે અને કેવા સંજોગો અને કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી. કહેવાતા બનાવના વાહન તેમજ વાહન ચાલક સબંધે તેમને કોઈ અંગત જાત માહિતી નથી.

હાલની ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિતને આ ગુના અન્વયે ત્યારે જ તકસીરવાન ઠરાવી શકાય છે કે જયારે આરોપી બનાવ સમયે તેવુ કૃત્ય બેફામ પણે કરેલ હોય અથવા બેદરકારી રીતે કરવામાં આવેલ હોય, પરંતુ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ આ કામે ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓને ધ્યાને લ ેવામાં આવે તો આ કામે હાલનો આરોપી બનાવ સમયે બનાવવવાળું વાહન ચલાવતો હોય તેમજ બેફામ રીતે, બેદરકારી ભરી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવતો હોવા બાબતે કોઈ સક્ષમ પુરાવો મળી રહેલ નથી. ત્યારે હાલના આક્ષેપીત બી.એન.એસ.ની કલમ–૧૦૬(૧) માટે પણ હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવું છે.

આમ, આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજી અને મૌખીક પુરાવો વંચાણે લેતાં આરોપી સામેનો ગુનો સાબીત કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલા ન હોય તેમજ આરોપીની સામેના ગુનાના આવશ્યક તત્વો પણ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય તેમજ આરોપી દવારા જ અકસ્માત થયા અંગેની અંગેની વિગતે સમર્થન મળતુ ન હોય રેકર્ડ ઉપરના તમામ દસ્તાવેજો તથા પુરાવા ને ધ્યાને લેતાં મુદ્દા નં.૧નો નિર્ણય ''**નકારમાં**'' નિર્ણિત કરી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી નિર્ણય ફરમાવવામા આવે છે.

**:: હુ ક મ ::**

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૬(૧),ર૮૧ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ બી મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતીમાં જણાવેલ વાહન અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ અપીલ સમય વિત્યા બાદ કાયમ રાખવામાં આવે છે. તેમજ અન્ય મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ આરોપીએ નવા જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

**(ભાર્ગવસિંહ રવસિંહ સોલંકી)**
એડી. ચીફ જ્યુડી. મેજી. , પ્રાંતિજ.
(જજ કોડ નં.જીજે૦૦૯૧૯)

//S.C.P.//